| | |
|---|---|
| રજીસ્ટર્ડ તારીખઃ | ૨૯–૦૪–૨૦૧૦ |
| જજમેન્ટ તારીખઃ | ૦૭–૦૭–૨૦૧૭ |
| સમયગાળોઃ | વર્ષ માસ દિવસ |
| | ૦૭ ૦૨ ૦૮ |

**IN THE PRINCIPAL CIVIL & J . M. F. C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 45 OF 2010.**

**Plaintiff :**

1. આદમ અલી મહમદ ઈસપ પટેલ,
   રહે. ટંકારીબંદર, તા. જંબુસર, જી. ભરુચ.

**VERSUS**

**Defendant :**

1. અબ્દુલ ઈબ્રાહીમ દાદા સુલેમાન,
   રહે. ટંકારીબંદર, તા. જંબુસર, જી. ભરુચ.
2. શબ્બીર અબ્દુલ ઈબ્રાહીમ દાદા,
   રહે. ટંકારીબંદર, તા. જંબુસર, જી. ભરુચ.
3. ઈકબાલ ઈબ્રાહીમ દાદા સુલેમાન,
   રહે. ટંકારીબંદર, તા. જંબુસર, જી. ભરુચ.
4. સાજીદ અબ્દુલ ઈબ્રાહીમ દાદા,
   રહે. ટંકારીબંદર, તા. જંબુસર, જી. ભરુચ.

Appearance:
L. A. MR. N. H. PATEL For Plaintiff
L. A. MR. B. R. CHOKSI For Defendant **No. 2.**

દાવોઃ રૂા. ૧૦૦૦/–ના આંકથી જાથુના મનાઈહુકમ તથા જાહેરાત મેળવવાનો..

**: આંક–૫ લગત હુકમ : –**

૧. વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. સદર હુકમ આંક–૫ લગત કરવામાં આવતો હોય વાદીની આંક–૫ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧) મોજે ટંકારીબંદર, તા. જંબુસરની સીમમાં ખાતા નં. ૮૩૮, બ્લોક નં. ૧૦૪૦, હે.આરે ૩–૮૨–૪૩ તથા આકાર રુા. ૧૫–૦૦થી ખેતીની જમીન આવેલ છે તથા ખાતા નં. ૫૨થી નીચે જણાવેલ જમીન આવેલ છે.

(૨)

| અ.ન. | બ્લોક નંબર | ક્ષેત્રફળ | આકાર રુા. |
|---|---|---|---|
| (૧) | ૭૧૪ | ૦–૪૧–૪૮ | ૨–૫૦ |
| (૨) | ૯૫૫ | ૧–૦૧–૧૭ | ૪–૫૦ |
| (૩) | ૯૫૬ | ૦–૬૭–૭૯ | ૦–૭૫ |
| (૪) | ૧૦૦૨(અ) | ૦–૨૪–૨૮ | ૦–૬૯ |
| (૫) | ૧૦૦૨(બ) | ૦–૧૦–૧૨ | ૦–૩૧ |
| (૬) | ૧૦૪૨ | ૪–૫૬–૫૬ | ૧૯–૦૦ |
| (૭) | ૧૫૦૦ | ૦–૪૦–૪૭ | ૨–૧૯ |
| (૮) | ૧૮૪૧ | ૦–૫૪–૬૩ | ૩–૧૯ |

(૩) ખાતા નં. ૧૦૨થી નીચે જણાવેલી જમીન આવેલી છે.

| અ.ન. | બ્લોક નંબર | ક્ષેત્રફળ | આકાર રુા. |
|---|---|---|---|
| (૧) | ૭૩૪ | ૦–૫૬–૬૬ | ૩–૪૪ |
| (૨) | ૮૪૯ અ | ૦–૬૮–૮૦ | ૪–૫૬ |
| (૩) | ૮૪૯ બ | ૦–૧૯–૨૨ | ૨–૧૨ |
| (૪) | ૯૪૬ અ | ૨–૫૮–૪૭ | ૧૦–૭૫ |
| (૫) | ૯૪૬ બ | ૦–૯૦–૦૩ | ૩–૨૫ |

| | | | |
|---|---|---|---|
| (૬) | ૧૪૨૮ | ૦–૪૯–૫૭ | ૩–૦૬ |
| (૭) | ૧૬૫૬ | ૦–૬૫–૭૬ | ૪–૦૦ |
| (૮) | ૧૭૬૨ | ૦–૮૧–૯૬ | ૫–૨૬ |

વાદી નામ. કોર્ટની હકુમતમાં મોજે ટંકારીબંદર, તા. જંબુસરમાં તેમના કુટુંબ સાથે રહે છે અને તેખી કરી પોતાનું તથા કુટુંબનું ગુજરાન ચલાવે છે, વાદીના પિતા અલી મહંમદ ઈસપ ૧૯૯૧માં ગુજરી ગયેલા છે, પ્રતિવાદી નં. ૧ તેઓના સબંધી મોરાઈ ભાઈ છે અને પ્રતિવાદી નં. ૨, ૩ અને ૪ તેમના દિકરાં છે. વાદીના દાદા મહંમદ ઈસપની દાવા અરજીના પેરા–૧માં જણાવેલ જમીનો આવેલી છે અને તેઓ ગુજરતા તેમના સીધીલીટીનાં વારસ વાદી છે, પ્રતિવાદીઓએ ૧૯૮૦માં એક બોગસ તથા ઉપજાવી કાઢેલ એક વસીયતનામું કરેલું, જે વસીયતનામું ઈદ્રીશ હાજી મુસા મહંમદ રુબરુ સબ રજીસ્ટ્રાર કચેરીમાં તા. ૧૮–૧–૮૦ના રોજ રજુ કરવામાં આવેલ અને ખોટો માણસ ઉભો રાખી ખોટી સહી કરાવી રજીસ્ટ્રર કરાવેલ, વાદીએ નકલ કઢાવતા સદર વસીયતનામું જોતાં ૧ જાન્યુઆરી ૧૯૮૦ના રોજ સહી કરવામાં આવેલી છે. અને પાછળથી રજીસ્ટ્રર કરવામાં આવેલ છે, સદરવીલ વાદીના દાદાએ કરી આપેલ નથી, વાદીની બા હયાત છે, વાદીના દાદા અને પિતા ગુજરતા તમામ મિલ્કતની જવાબદારી વાદીની હોય, પ્રતિવાદી નં. ૧ વાદીના સબંધી હોય, વાદી સાથે તમામ મિલ્કતની દેખરેખ કરતા હતા, પરંતુ પ્રતિવાદી નં. ૧નાએ વાદ સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલ તેની જાણ વાદીને નથી, પરંતુ મિલ્કતોની નકલો ૨૦૦૮માં કઢાવતાં તમામ મિલ્કતના માલીક તરીકે પ્રતિવાદી નં. ૧નું નામ તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ના નામો ચઢાવી દીધેલાની જાણ થયેલ, જેથી વાદી પ્રતિવાદીને મળતાં ' જયાં જવું હોય ત્યા જવાની અને કાર્યવાહી કરવાનું જણાવેલ, જેથી વાદીએ ગાંધીનગર ગૃહવિભાવ તથા ગુજરાત હાઈકોર્ટ જી.એસ.એલ.એસ.એ.માં અરજી કરેલી અને તેની તપાસ મામલતદારશ્રી ત થા ડી.એસ.પી. રુરલ અને એસ.ડી.એમ., ભરુચ ધ્વારા તપાસ થયેલી, મામલતદારશ્રી, જંબુસરની તપાસ વિરુઘ્ધ પ્રાંતમાં અપીલ કરતા વાદીની વાત સાચી હોવાનું જણાવી વીલને લાંબો સમય થઈ ગયેલહોય અને વીલની કાયદેસરતા નકકી કરવાની સત્તા સીવીલ કોર્ટને હોય, જંબુસર સીવીલ કોર્ટમાં કાર્યવાહી કરવા સલાહ આપેલી,જેથી વાદીએ પ્રતિવાદીઓ વિરુઘ્ધ હાલનો દાવો કરેલો છે, દાવાનો આખરી નિર્ણય આવતા ઘણો સમય લાગે તેમ છે, દરમ્યાન પ્રતિવાદીઓ

દાવાવાળી મિલ્કત અન્યને વેચી દે અગર કબજે સોંપી દે તો વાદીને એવું નુકશાન જવા સંભવ છે જેનો બદલો પૈસામાં મળી શકે નહીં, જેથી વાદીએ દરમ્યાન મનાઈહુકમ મેળવવા હાલની અરજી કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે,

૮(અ) : દાવાના પેરા–૧માં જણાવેલ મિલ્કતો અન્વયે વાદીના દાદાએ કોઈ વીલ યાને વસીત નામું કરેલ ના હોય સદર લખાણ ગેરકાયદેસર હોય તેવું જાહેર કરશોજી.

૮(બ) : પ્રતિવાદી નં. ૧નાએ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૨થી ૪ના નામે રેવન્યું રેવન્યુ રેકર્ડમાં ચડાવેલ હોય, પ્રતિવાદીઓ દાવાનો નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને વેચે–વેચાવે નહીં તેવો દરમ્યાન મનાઈહુકમ ફરમાવશોજી.

૮(ક) : આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશોજી.

૮(ડ) : આમ. કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવશોજી.

૨. સદર દાવા અરજી તા આંક–૫ની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં પ્રતિવાદી નં. ૨નાએ તેમના વકીલશ્રી બી.આર.ચોકસી મારફતે હાજર થઈ વાદીની દાવા તથા મનાઈ અરજી વિરુધ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૩૦થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, તેઓને દાવાવાળી મિલ્કતના બ્લોક નંબર, ક્ષેત્રફળ, આકાર સબંધી કોઈ તકરાર નથી તેમજ વાદીએ તેમની દરમ્યાન મનાઈ અરજીના પેરા–૨ કરી જણાવેલ હકીકત સબંધી તેઓને કોઈ તકરાર નથી તેમજ દરમ્યાન મનાઈ અરજીના પેર–૩ કરી જણાવેલ હકીકત જેવી કે, વાદીના દાદા મહંમદ ઈસપની પાસે દાવાના પેરા–૧માં જણાવેલ જમીનો આવેલી હોવાની હકીકત તદ્દન ખોટી છે, તેઓ ૯૫ વર્ષની ઉંમર ગુજરી ગયેલ તે સબંધી કોઈ તકરારનથી, ફકત વાદી જ તેઓના સીધીલીટીના વારસદાર હોવાની હકીકત વાદીએ પાટાફેર કરી જણાવેલ હોઈ, તેઓને કબુલ નથી. વાદીએ તેની દરમ્યાન મનાઈ અરજીના પેરા–૪ કરી જણાવેલ હકીકત જેવી કે, પ્રતિવાદીઓએ સને ૧૯૮૦ની સાલમાં બોગસ તથા ઉપજાવી કાઢેલ વસીયનનામું કરેલ હોવાની હકીકત તદ્દન ખોટી છે અને બિનપાયેદાર હોય તેઓને કબુલ નથી, સદર વસીયતનામામાં ઈદ્રીસ હાજી મુસા મહંમદે સહી કરેલી તે હકીકત સામે તકરાર નથી તેમજ તા.૧૮–૧–૧૯ ૮૦ના રોજ રજીસ્ટ્રર કરાવ્યા સબંધી કોઈ તકરાર નથી, પરંતુ સદર વકીલ મર્હુમ મહંમદ ઈસપે, એટલ

કે વાદીના દાદાએ કરેલ ન હોવાની હકીકત તદ્દન ખોટી હોય તેઓને કબુલ નથી, પ્રતિવાદીઓએ છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલાની હકીકત તેમજ બોગસ માણસો ઉભા કરીતેઓના નામે મિલ્કત કરી દીધેલાની હકીકત તેમજ ઈદ્રીસ હાજી મહંમદે ખોટી સહી કરેલ હોવાની હકીકત તેમજ સદર હકીકતની જાણ જતાં વાદી તેઓને મળેલ હોવાની હકીકત તેઓને કબુલ નથી, વાદીએ અલગ અલગ જગ્યાએ અરજીઓ કરેલાની તેઓને માહિતી નથી કે તેવી કોઈ અરજીની નકલો વાદીએ આ કામમાં સામેલ રાખેલ નથી, વાદીએ તેઓની વિરુધ્ધ ભરુચના પ્રાંત અધિકારી સાહેબશ્રીને અરજી કરેલી, જેનો તેઓએ જવાબ આપેલો અને વાદીની તેવી અરજી કાઢી નાંખેલી અને વાદીને તેમાં ફાવટ ન આવતા વાદીએ હાલનો ખોટો દાવો અને દરમ્યાન મનાઈહુકમની અરજી આપેલ છે તેમજ વાદીની દરમ્યાન મનાઈ અરજીના પેરા–૫ની તમામ હકીકતો ખોટી હોય તેઓને કબુલ મંજુર નથી તેમજ વાદીએ મનાઈ અરજીના પેરા–૭ કી અરજીનું જે કારણ જણવેલ છે તેવું કોઈ જ કારણ વાદીના લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ ઉત્પન્ન થયેલ નથી તેમજ વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો સંભવ હોવાની હકીકત ખોટી હોય તેઓને કબુલ નથી તેમજ વાદીએ દરમ્યાન મનાઈ અરજીના પેરા–૮ કરી જે દાદ માંગેલી છે તેવી કોઈ દાદ વાદીને માંગવાનો હકકદાર નથી. વધુમાં પ્રતિવાદી નં.૨ સાચી અને વિશેષ હકીકત જણાવતાં જણાવે છે કે, ખાતા નં. ૮૩૮ તથા બ્લોક નં. ૧૦૪૦વાળી મિલ્કત પ્રતિવાદી નં. ૩ની માલીકીની છે, તે મિલ્કતમાં વાદીને કોઈ લેવાદેવા નથી તેમજ ખાતા નં. ૫૨થી આવેલ જમીન કે જે વીલમાં જણાવેલ જમીનો છે, તે જમીનો હાલમાં વાદીએ પ્રતિવાદી પાસેથી પરત લઈલીધેલી અને સદરહું જમીનો બાબતે વાદી તથા તેઓ વચ્ચે વહેંચણ કરવામાં આવેલી, જે વહેંચણમાં બ્લોક નં. ૧૦૪૦વાળી જમીન પ્રતિવાદીના હીસ્સે આવેલી અને તે સિવાયની વીલમાં જણાવેલ જમીનો વાદીના હીસ્સે આવેલી, જે વહેંચણની ફેરફાર નોંધ પણ પાડવામાં આવેલી, જે તા. ૨૧–૪–૧૯૮૪ના રોજ પાડવામાં આવેલી, આમ વીલ બાબતે વાદીને તા. ૨૧–૪–૧૯૮૪ના અગાઉથી જાણકારી અને માહિતી છે, વાદીને ૨૦૦૮માં માહિતી મળેલાની હકીકત હાલનો દાવો મુદતમાં લાવવા ખોટી ઉપજાવી કાઢી છે તેમજ દાવાના પેરા–૧માં ૨થી જણાવેલ તમામ મિલ્કતનો હાલ ત્રાહીત વ્યકિતઓના કબજામાં છે અને તે મિલ્કતો વાદીએ વેચાણ કરી ત્રાહીત ઈસમના નામે કરાવી લીધેલ છે. વાદીએ દાવા અરજીના પેરા–૧ કરી (૩)થી જે મિલ્કતો જણાવેલી છે તે મિલ્કત વાદી નં. ૧ના પિતા તથા નં.૨, ૩ના દાદા ઈબ્રાહીમ દાદા સુલેમાનની માલીકીની હતી અને તેઓએ તેમની

હયાતીમાં સદર જમીનો પ્રતિવાદી નં. ૨ અને ૪ના નામે કરાવી દીધેલ.આમ દાવાવાળી પેરા–૧(૩)વાળી મિલ્કતો વાદીના વડવાઓની ન હોવાછતાં કે વીલમાંની મિલ્કત ન હોવાછતાં ફકત તેઓની ઉપર દબાણ લાવવા ગેરવ્યાજબી તકરાર ઉપસ્થિત કરેલ છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદી નં.૨નાએ વાદીની દરમ્યાન મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અને દરેક પ્રતિવાદીને રૂા. ૫૦૦૦/– લેખે કોમ્પનસેટરી કોસ્ટ અપાવવા વિનંતી કરેલ છે.

આ કામના પ્રતિવાદી નં. ૧નાએ પ્રતિવાદી નં. ૨નાએ આંક–૩૦થી રજુ કરેલ ઉપરોકત લેખીત જવબ એડોપ્ટ કરવાની પુરસીસ આંક–૩૨થી રજુ કરતાં તે રેકોર્ડેડ કરવામાં આવેલ છે.

૩. સદર કામે વાદીઓ તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧) નિ. ૩/૧થી વીલ યાને વસીયતનામું ) મહંમદ ઈસમ આદમ પટેલનું)
(૨) નિ. ૩/૨થી તલાટીનો દાખલો ( મહંમદ ઈસપનો ),
(૩) નિ. ૩/૩થી સબ–રજીસ્ટ્રાર કચેરી, જંબુસરનો દાખલો,
(૪) નિ. ૩/૪થી ખાતા નં. ૮૩૮નો ઉતારો,
(૫) નિ. ૩/૫થી ખાતા નં. ૫૨નો ઉતારો,
(૬) નિ. ૩/૬થી ખાતા નં. ૧૦૨નો ઉતારો,
(૭) નિ. ૨૧/૧થી સમાધાન કરાર,
(૮) નિ. ૨૧/૨થી આર.પી.એ.ડી.નું પોસ્ટનુ કવર.

૪. સદર કામે પ્રતિવાદીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૫. વાદી તરફથી તેમના વિ.વ.શ્રી એન. એચ. પટેલની મૌખિક દલીલો તેમજ પ્રતિવાદી નં.૨ તરફે વિ.વ.શ્રી બી. આર.ચોકસીની મૌખિક દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે, જયારે આ

કામે બાકીનાં પ્રતિવાદીઓ તરફે કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

૬. પક્ષકરોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલીલોનાં આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?
(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?
(૪) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) નકારમા
(૩) નકારમા
(૪) આખરી હુકમ મુજબ

૮. ઉપરોકત તમામ મુદાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટિએ એકબીજાની સલંગ્ન હોય ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**:કારણો:**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>:**

૯. એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજીથી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે, જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે. આમ છતા ,આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતોને ધ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ધ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ પ્રથમ દર્શનિય રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બને છે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ધ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરૂ છું.

૧૦. આ કામે પક્ષકારો વચ્ચે જે તકરાર છે તે તકરાર દાવાવાળી મિલ્કત ચાલુ દાવે અન્ય કોઈને પ્ર તિવાદીઓ ટ્રાન્સફર કરે નહિ તે અંગેની છે. વાદીએ હાલનો દાવો વીલને ચેલેન્જ કરી ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મેળવવા માટેનો દાખલ કરેલ છે. જે દાવામાં પ્રતિવાદી નં. ૨નાએ જવાબ રજુ કરેલ છે તથા અન્ય પ્રતિવાદીઓએ આ કામે જવાબ રજુ કરેલ નથી. આ કામના પ્રતિવાદી નં. ૧ નામદાર કોર્ટમાં હાજર થયેલ નથી તથા પ્રતિવાદી નં. ૩, ૪ તરફે કોઈ જવાબ રજુ થયેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૩, ૪નો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે આંક–૮થી પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે વિ.વ.શ્રી બી. આર. ચોકસી હાજર થયેલ છે. આ કામે નિ. ૨૧/૧થી વાદી તથા પ્રતિવાદી નં. ૨ વચ્ચે થયેલ સમાધાન કરાર રજુ થયેલ છે. આ કામે પ્રતિવાદી નં. ૨એ જે જવાબ રજુ કરેલ છે તેમાં દાવાવાળી મિલ્કતના બ્લોક નંબર, ક્ષેત્રફળ, આકાર અંગે કોઈ તકરાર લીધેલ નથી. આ કામે પ્રતિવાદીઓએ સને ૧૯ ૮૦ની સાલમાં બોગસ તથા ઉપજાવી કાઢેલું વસિયતનામુ કરેલ છે તે ખોટું છે તે અંગેનો દાવો કરેલ છે.

વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ છે કે, સદર વીલની જાણ તેઓને રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓ ધ્વારા તેમના નામે ટ્રાન્સફર કરાવી દીધી ત્યારે સને ૨૦૦૮માં થયેલ. આ કામે વાદી તથા પ્રતિવાદીઓ એકબીજાના સગાં સબંધીઓ છે. પ્રતિવાદી નં. ૧ વાદીના ભાઈ છે અને પ્રતિવાદી નં. ૨, ૩, ૪ તેમના દિકરાઓ છે. હાલમાં દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓનું નામ ચાલે છે. આમ, આ મિલ્કતના કબજેદાર પ્રતિવાદીઓ હોય તેવું જણાઈ આવે છે. વાદીએ નિ. ૩/૧થી વસિયતનામું રજુ કરેલ છે, જે વસિયતનામું રજીસ્ટર વસિયતનામું છે. જે યોગ્ય પ્રક્રિયામાં બે સાક્ષીની હાજરીમાં કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ, હાલના તબકકે સદર વસિયતનામું બોગસ છે, તેવું કહી શકાય નહીં, જે પુરાવાનો વિષય છે. વાદીએ આ કામે તેમના દાદા મહંમદ ઈસપ દાવાવાળી મિલ્કતના માલિક, કબજેદાર હતા, તે અંગેના કોઈપણ પુરાવા આ કામે રજુ કરેલ નથી.

હાલના કામે વાદીએ પોતાની દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તે દાદ અને મનાઈ અરજીમાં માંગેલ દાદ એકસરખી દાદ છે. આમ જો હાલના તબકકે વાદીને મનાઈહુકમ આપવામાં આવે તો દાવાનો આખરી નિકાલ થઈ જાય તેમ છે. આમ જયારે ઈન્ટ્રીમ સ્ટેજે દાવાનો આખરી નિકાલ થઈ જતો હોય તો આવા પ્રકારની દાદ ઈન્ટ્રીમ સ્ટેજે આપી શકાય નહીં. હાલના કામે વાદીએ સને ૧૯૮૦નું વીલ યાને વસીયતનામું પડકારતો હાલનો દાવો દાખલ કરેલ છે. જેમાં વાદીના દાવાને લીમીટેશનનો પણ બાધ છે, પરંતુ લીમીટેશનનો મુદ્દો કાયદાનો તથા હકીકતનો મુદ્દો છે, જે સાબિત કરવા બન્ને પક્ષકારોને પુરાવો આપવાની તક આપવી જરુરી જણાય છે. આમ ફકત વાદીનો દાવો લીમીટેશનમાં નથી, તે કારણસર પણ હાલની મનાઈ અરજી ટકી શકે તેમ નથી. આ કામે હાલનો દાવો વાદીએ સને ૨૦૧૦ની સાલમાં દાખલ કરેલ છે, જેમાં દાવા સાથે મનાઈ અરજી પણ દાખલ કરેલી. આમ વાદીએ મનાઈ અરજી ચલાવતા આશરે સાતેક વર્ષ જેટલો સમય લીધેલ છે. આમ વાદીને પોતાની મનાઈ અરજી ચલાવવામાં કોઈ વધુ રસ જણાતો ન હતો. આમ વાદીની મનાઈ અરજીમાં ઉપર જણાવેલ કારણો વંચાણે લેતાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે.

આ કામે વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ જણાતો નથી તથા સગવડ–અગવડનું ધોરણ વાદીના લાભમાં નથી. જો માંગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને કોઈ નુકશાન થાય તેમ નથી. જેથી મુદ્દા નં. ૧ થી ૩નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ લગત નીચે મુજબનો ન્યાયોચિત હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

(૧) વાદીની હાલની દરમ્યાન મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઉપર મુજબનો હુકમ આજરોજ તારીખ ૭મી માહે જુલાઈ સને ૨૦૧૭ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 07/07/2017**
**Place : JAMBUSAR**

**Mr. Ghanshyam Dilipbhai Padia**
**GJ01072**
**Principal Civil Judge &**
**J. M. F.C., Jambusar, Dst.**
**Bharuch.**